P G V C L

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨–૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨–૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં.: કેસી/સીજીઆરએફ/૨૦૧૮ /૧૦૦ તારીખ: 13 JUN 2018

રજી.એ.ડી દ્વારા

પ્રતિ,

નારણ ગાંગજી પીન્ડોરીયા ,

નારાણપર -રાવડી ,

મો.નં.૯૯૨૫૧ ૫૪૨૦૦

વિષય :– કેસ નંબર પીજી/૦૧ /૦૦૪/ ૨૦૧૮-૧૯

સંદર્ભ:– આપની અરજી નોંધણી નં. પીજી/૦૧ /૦૦૪/ ૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(જે વિ ચૌહાણ)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

O/C

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ,વર્તુળ કચેરી, ભુજ

(૨) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, માંડવી

(૩)નાયબ ઈજનેર,પીજીવીસીએલ,પેટાવિભાગીય કચેરી,દહીંસરા પેટા વિભાગ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

ગ્રાહક તકરાર નિવારણફોરમ,ભુજ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામ, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ તારીખ:

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG-001-004-2018-19.**

અરજદાર: શ્રી નારણ ગાંગજી પીન્ઢોરીયા ,
ગામ દહીસરા જી. કચ્છ

રજૂઆત કરનાર: શ્રી નારણ ગાંગજી પીન્ઢોરીયા.

::વિરુધ્ધ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી,પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી
રજૂઆત કરનાર: એ એસ ગુરવા, કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી,માંડવી

::ફોરમ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ. હૉલ, પીજીવીસીએલ.,વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૧૮.૦૫.૨૦૧૮



Scanned by CamScanner

::અરજદારની રજૂઆત::

૧.0 અરજદાર શ્રી નારણ ગાંગજી પીન્ડોરીયા ગામ:-નારાણપર -રાવડી નું ગામ કેરા,તા.ભુજ સર્વે નં.૧૯૫/૨ નારાણપર(રાવડી) માં નવા ખેતીવાડી વીજ કનેક્શન મેળવવા નિયમાનુસાર તમામ આધારો સાથે અરજી કરવામાં આવેલ છે તેમને નવા વીજજોડાણના ભાવપત્રક આપવા માટે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૧ સદર કેસની વિગત નીચે મુજબ છે.

૧.૨ અરજદાર શ્રી નારણ ગાંગજી પીન્ડોરીયા એ સર્વે નં.૧૯૫/૨ નારાણપર(રાવડી) માં નવા ખેતીવાડી વીજ કનેક્શન મેળવવા દહીંસરા પેટા કચેરીમાં તારીખ ૧૭/૦૧/૨૦૧૫ ના રોજ રજીસ્ટ્રેશન ચાર્જ રૂ.૨૦૦/- રસીદનં YD૦૬૫૦૮૯ ભરપાઈ કરેલ છે.

૧.3 અરજદાર શ્રી જણાવ્યા અનુસાર તેઓને આજદિન સુધી નવા વીજજોડાણના ભાવપત્રક મળેલ નથી.

૧.૪ ફોરમ દ્વારા અરજદાર શ્રી ને આપવામાં આવેલ નવા વીજજોડાણના ભાવપત્રકની બાબત ૨(બે) વર્ષ પહેલાની હોઈ તેઓની ફરિયાદ રદ કરેલ જેના અનુસંધાને અરજદારે તારીખ ૨૪.૦૫.૨૦૧૮ ના રોજ લેખિતમાં ફોરમ સમક્ષ રજુઆત કરેલ કે તેઓ તારીખ ૦૨/૦૪/૨૦૧૬ ના સ્વીકારેલ ભાવપત્રકમાં તેઓની સહી નથી તેમજ તેઓએ કોઈ ભાવપત્રક ની મુદત વધારવાની અરજી આપેલ નથી. આ સમયગાળામાં તેઓ વિદેશમાં (ઇંગ્લેન્ડ-યુકે) માં હતા. તમણે લેખિત અરજી સાથે આધારપુરાઓ રૂપે પાસપોર્ટની નકલ રજુ કરેલ છે.અને ફોરમ સમક્ષ કેસ ફરી રીવ્યુ કરવા રજુઆત કરેલ છે.

:: પીજીવીસીએલની રજુઆત::

૨.૦ સુનાવણી સમયે સામાવાળા શ્રી એ એસ ગુરવા,કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી રૂબરૂમાં હાજર રહેલ અને જણાવેલ કે,

૨.૧ અરજદાર શ્રી નારણ ગાંગજી પીન્ડોરીયા દ્વારા તા.૧૭.૦૧.૨૦૧૫ ના રોજ રૂ.૨૦૦/-રજી.ચાર્જ પહોંચ નં YD૦૬૫૦૮૯ થી ભરપાઈ કરી સર્વે નં.૧૯૫/૨ નારાણપર(રાવડી) માં નવા ખેતીવાડી વીજ કનેક્શન માટેની અરજી કરવામાં આવેલ.



Scanned by CamScanner

૨.૨ અરજદારશ્રીનો જીપી નં.૩૩૪૯ મુજબ ક્રમઅનુંસાર સદર અરજીનો સર્વે કરી દહીસરા સબડીવીઝન તરફથી અરજદારને પત્રનં.૯૩૭ તા.૨૯.૦૩.૨૦૧૬ ના રોજ ભાવપત્રક પાઠવવામાં આવેલ જે ભાવપત્રક અરજદાર દ્વારા તા.૨.૪.૨૦૧૬ ના રોજ સ્વીકારવામાં આવેલ જેની આરપીએડીની નકલ પીજીવીસીએલ દ્વારા રજુ કરેલ.

૨.3 અરજદારના પ્રતિનિધિ શ્રી દેવશી શીવજી પીન્ડોરીયા દ્વારા ભાવપત્રક ની મુદત વધારવા ઇનવર્ડ નં.૩૧૨ તા.૦૮.૦૪.૨૦૧૬ થી ૨(બે) માસ ની મુદત વધારવા અરજી કરવામાં આવેલ સદર મુદત પૂર્ણ થયા બાદ પણ અરજદાર દ્વારા ભાવપત્રક ભરપાઈ ના કરતા અરજદારની અરજી રદ કરવામાં આવેલ.

<u>::હુકમ::</u>

3.0 સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ના આધારે નીચે મુજબ નાં તારણ પર આવી શકાય

3.૧. અરજદાર શ્રી નારણ ગાંગજી પીન્ડોરીયા દ્વારા તા.૧૭.૦૧.૨૦૧૫ ના રોજ રૂ.૨૦૦/-રજી.ચાર્જ પહોંચ નં YD0૬૫૦૮૯ થી ભરપાઈ કરી સર્વે નં.૧૯૫/૨ નારાણપર(રાવડી) માં નવા ખેતીવાડી વીજ કનેક્શન માટેની અરજી દહીસરા સબડીવીઝન કચેરીમાં કરવામાં આવેલ.

3.૨ દહીસરા સબડીવીઝન તરફથી અરજદારને પત્રનં.૯૩૭ તા.૨૯.૦૩.૨૦૧૬ ના રોજ ભાવપત્રક પાઠવવામાં આવેલ પીજીવીસીએલ ના રેકર્ડ મુજબ આ ભાવપત્રક અરજદાર દ્વારા તા.૨.૪.૨૦૧૬ ના રોજ સ્વીકારવામાં આવેલ તેમજ અરજદારના પ્રતિનિધિ શ્રી દેવશી શીવજી પીન્ડોરીયા દ્વારા ભાવપત્રક ની મુદત વધારવા ઇનવર્ડ નં.૩૧૨ તા.૦૮.૦૪.૨૦૧૬ થી ૨(બે) માસ ની મુદત વધારવા અરજી કરવામાં આવેલ સદર મુદત પૂર્ણ થયા બાદ પણ અરજદાર દ્વારા ભાવપત્રક ભરપાઈ ના કરતા પીજીવીસીએલ દ્વારા અરજદારની અરજી રદ કરવામાં આવેલ.

3.3 ફોરમ દ્વારા અરજદાર શ્રી ને આપવામાં આવેલ નવા વીજજોડાણના ભાવપત્રકની બાબત ૨(બે) વર્ષ પહેલાની હોઈ તેઓની ફરિયાદ રદ કરેલ જેના અનુસંધાને અરજદારે તારીખ ૨૪.૦૫.૨૦૧૮ ના રોજ લેખિતમાં ફોરમ સમક્ષ રજુઆત કરેલ કે તેઓ તારીખ ૦૨/૦૪/૨૦૧૬ ના સ્વીકારેલ ભાવપત્રકમાં તેઓની સહી નથી તેમજ તેઓએ કોઈ ભાવપત્રક ની મુદત વધારવાની અરજી આપેલ નથી. આ સમયગાળામાં તેઓ વિદેશમાં (ઇંગ્લેન્ડ-યુકે) માં હતા. તેમણે લેખિત અરજી સાથે આધારપુરાઓ રૂપે પાસપોર્ટની નકલ રજુ કરેલ.



Scanned by CamScanner

3.૪ ફોરમ દ્વારા અરજદાર શ્રી ની રજૂઆત ના આધારે આધારપુરાવાઓ તથા કેશનો રીવ્યુ કરતા માલુમ પડેલ કે અરજદારની નવા જોડાણની અરજીમાં તથા પાસપોર્ટ માં દર્શાવેલ સહી અને ભાવપત્રક સ્વીકારેલ આરપીએડીની પોહ્ચની સહી પરથી તેમજ પાસપોર્ટની તારીખોના આધારે આ સાબીત થાય છે કે અરજદારશ્રીને નવા ખેતીવાડી વીજજોડાણ નો ભાવપત્રક મળેલ નથી. આ સમયગાળામાં તેઓ વિદેશમાં (ઇંગ્લેન્ડ-યુકે) માં હતા. પીજીવીસીએલ દ્વારા અન્ય કોઈની સહી વાળી અરજી સ્વીકારી ભાવપત્રકની મુદત વધારવા કાર્યવાહી કરવામાં આવલે પરંતુ મુદત વધારવાની મંજુરીની જાણ અરજદારશ્રી ને લેખિતમાં કરવામાં આવેલ નથી. આથી અરજદાર શ્રી ની રજુઆતો માન્ય રાખી અરજદાર શ્રી નારણ ગાંગજી પીન્ડોરીયા ને સર્વે નં.૧૯૫/૨ નારાણપર(રાવડી) માં નવા ખેતીવાડી વીજ કનેક્શન નો ભાવપત્રક પાઠવવા પીજીવીસીએલને હુકમ કરવામાં આવે છે.

Joshi Nitinbhai

એન એચ જોષી
સ્વતંત્ર મેમ્બર

જે.બી. પારેખ
ચેરપર્સન

<u>નોંધ:</u>

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯



Scanned by CamScanner